**Publication: The Economic Times – Gujatati**

**Headline: Sona kharadu ki nahi? Vadu correction na sanket thi avadavad**
**Edition: Gujrat**

**Date: 27th September 2011**

**Coverage –**

# સોનું ખરીદવું કે નહીં? વધુ કરેક્શનના સંકેતથી અવઢવ



## પીળી ધાતુનો ભાવ નીચે આવતાં વેચાણમાં ધીમો વધારો: ગ્રાહકોમાં રાહ જોવાનું વલણ

રામ સહેગલ
મુંબઈ

છેલ્લા ચાર દિવસમાં સોનાના ભાવમાં ઘટાડો થવાથી જ્વેલર્સ અને રોકાણકારો દ્વારા ખરીદી શરૂ થઈ હોવાનું કોલકાતાના એક જ્વેલર જણાવે છે. જોકે, પીએસયુ બેન્કના એક અધિકારીએ કહ્યું હતું કે ખરીદીમાં વધારો થયો છે, પરંતુ ઘણા જ્વેલર્સ અને સ્ટોકિસ્ટ હજુ કરેક્શનની અપેક્ષાએ રાહ જોઈ રહ્યા છે.

કોલકાતા સ્થિત રિદ્ધિસિદ્ધિ બુલિયન્સના એસોસિયેટ વાઈસ પ્રેસિડન્ટ કરણ વસાએ જણાવ્યું હતું કે, "ભાવમાં ઘટાડો થતાં જ્વેલર્સ અને રોકાણકારોએ ખરીદી શરૂ કરી છે જેઓ અત્યારે ધાતુ ખરીદવા માટે સારી તક જોઈ રહ્યા છે." સોમવારે સોનાનો ભાવ ₹૭૨૫ ઘટીને ₹૨૬૩૦૦ પર બંધ થયો હતો. કોલકાતા સ્થિત જ્વેલરી રિટેલર અને ટ્રેડ સંસ્થા ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ફેડરેશન (જીજેએફ)ના ચેરમેન બચ્છરાજ બામવાલાએ જણાવ્યું હતું કે ભાવમાં ઘટાડો થવાથી મુંબઈ, દિલ્હી અને કોલકાતામાં માંગ વધી છે. શ્રાદ્ધનો સમય પૂરો થયો છે અને તહેવારોની સિઝન શરૂ થઈ હોવાથી માંગ વધી રહી છે.

કોમોડિટી રિસર્ચ કંપની કોમટ્રેન્ડ્ઝના ડિરેક્ટર જ્ઞાનશેખર થિયાગરાજને કહ્યું હતું કે નાઈમેક્સના ડિવિઝિન કોમેક્સ પર ગોલ્ડ ફ્યુચર્સમાં ટ્રેડિંગ માર્જિન વધવાથી ભાવ ઘટ્યો છે. તેના કારણે ખરીદદારોના લિવરેજમાં ઘટાડો થયો છે. જોકે, થિયાગરાજનના કહેવા પ્રમાણે પ્રતિ ઔંસ (૩૧.૧ ગ્રામ) ૧૫૭૫ ડોલરના ભાવે સોનાને મજબૂત ટેકો છે.

જોકે એક સરકારી માલિકીની બેન્કની બુલિયન બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે ભાવ ઘટી રહ્યા છે ત્યારે હજુ વધુ ઘટાડાની અપેક્ષાની લોકો રાહ જુએ છે. તેઓ કહે છે કે, "ભાવ ઘટે ત્યારે લોકોને વધુ ઘટાડાની અપેક્ષા હોય છે જ્યારે ભાવ વધે ત્યારે વધુ વધારાની અપેક્ષાએ તેઓ ખરીદી કરે છે."

બેન્કો કન્સાઈનમેન્ટના ધોરણે સોનાની આયાત કરે છે અને સપ્લાયર્સના પ્રીમિયમ પર કમિશન મેળવે છે. દરેક બેન્કોમાં તેનું પ્રમાણ અલગ અલગ હોય છે.

▶ શેષ અહેવાલ: પેજ ૨

## સોનું ખરીદવું કે નહીં?

તેમાં સોનાના ભાવ ઉપરાંત પરિવહન અને વીમાનો ખર્ચ લાગુ પડે છે. વસાએ કહ્યું હતું કે, "ચાંદીમાં નુકસાન ઘટાડવા ટ્રેડર્સ અને સ્ટોકિસ્ટ્સ ધાતુ વેચી રહ્યા હોવાથી તેમાં પેનિક સેલિંગ ચાલુ છે. થોડા મહિનાઓ અગાઉ ભાવ ₹૭૫,૦૦૦થી ઘટીને ₹૫૦,૦૦૦ થયો હતો અને ત્યાર પછી ફરી ₹૬૪,૦૦૦ થયો હતો. આ વખતે પણ આ રીતે ભાવ વધવાની આશાએ લોકો ખરીદી કરી રહ્યા છે. સોમવારે બજાર બંધ થયું તે અગાઉ માર્કેટના કલાકો દરમિયાન ભાવ ઘટીને ₹૪૭,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

Sona kharadu ki nahi? Vadu correction na sanket thi avadavad